
ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૫ જાન્યુઆરી, ૨૦૨૫



# ગંગાની આમદ, શિવનો સમ, ઐક્યનો આલાપ ગૂંથી ભક્તિ અને પ્રેમમાં તરબોળ કરતું શહેર

ઘૂ

ઘૂંમિયા રસ્તા, નાની મોટી દુકાનો, ગીચ શહેર અને ક્યાંક આસપાસ દેખાઈ જતા રાઈના ખેતરો આ બધું પાર કરીને સાવ સાંકડી ગલીઓમાંથી પસાર થવું. આ ગલીઓ ભુલભુલામણી જેવી લાગે અને સાંકડી એટલી કે સામેથી એક રઝળતું કુતરું ય આવી જાય તો નક્કી કરવું પડે કે પહેલાં કોણ જશે. રંગબેરંગી ચીજોથી શોભતી દુકાનો, ક્યાંક ગરમાગરમ લોયા પર પછડાતા ઝારાના અવાજ તો ક્યાંક વિદેશીઓથી ભરચક કૉફી શૉપ. જેનો કોઈ અંત નહીં હોય એવી લાગણી થઈ આવે ત્યાં તો મોકળાશનું કમાડ ખૂલે. તમારી પગ નીચે સીધા, સાચવીને ઉતરવા પડે એવા પગથિયાં અને નજર સામે ખળખળ વહેતી ગંગા નદી હોય. હોડકાંઓની હારમાળા, ક્યાંક મંદીરના ઘંટ, ક્યાંક ભગવાનને સાદ, એક પછી એક પરસ્પર જોડાયેલા ઘાટ જે જાણે વિવિધતામાં એકતાના હાજરાહજુર ઉદાહરણ સમાન, અને જ્યાં જુઓ ત્યાં માણસો ઊભરાતા હોય. આ બનારસ છે. કાશી, વારાણસી, અવિમુક્ત, આનંદવન, રુદ્રવાસ - અનેક નામે ઓળખાતા આ શહેરની પ્રકૃતિ પણ અનેક સ્તરોમાં લપેટાયેલી છે.

શહેરના નામના ઈતિહાસ પર એક નજર કરીએ - સ્કંદપુરાણ અનુસાર ભગવાન શિવે તેને કાશીનું ઉપનામ આપ્યું. કાશી શબ્દ સંસ્કૃત શબ્દ કાશ પરથી આવ્યો છે જેનો અર્થ છે ચમકવું. દસમી સદીમાં લખાયેલ રાજશેખરની કાવ્યમિમાંસામાં અને એ જ કાળ દરમિયાન લખાયેલા વામન પુરાણમાં વારાણસી નામનો ઉલ્લેખ છે. દિલ્હી સલ્તનત દરમિયાન આ નામ વધુ પ્રચિલત થયું. વરુણા અને અસ્સી નદીઓની વચ્ચે વસેલું આ શહેર વારાણસીનો ઉલ્લેખ બનારસ તરીકે ફ્રેંચ મુસાફર પિએત્રો ડેલા વલેની નોંધમાં 1623માં જોવા મળે છે. કહેવાય છે કે બનાર નામનો રાજા જે મોહંમદ ઘોરીના હુમલામાં માર્યો ગયો હતો તેના નામ પરથી અકબર રાજાએ આ શહેરને બનારસ નામ આપ્યું, બનારસને અંગ્રેજીમાં 'સિટી ઑફ લાઈટ્સ' પણ કહે છે કારણકે અહીંથી જ્ઞાનનો પ્રકાશ સર્વત્ર ફેલાય છે. વળી બના અને રસની સંધિ છૂટી પાડનારાઓને મતે જ્યાં જિંદગીનો રસ હંમેશા તૈયાર હોય છે તેવું શહેર એટલે બનારસ. જેના નામના ઈતિહાસમાં આટલી બધી પરતો છે તો એ શહેરની પરતો ઉખેળી તેને વાંચવા, જોવા, સમજવાનો અનુભવ કેવો હોઈ શકે? નવા વર્ષના પહેલા રવિવારે બનારસની વાત કરવાનો હેતુ એ કે આ આપણા દેશના ઈતિહાસના કેન્દ્રમાં વસેલા આ શહેરમાં સમય સાથે બદલાવ આવ્યા છે, આવી રહ્યા છે ત્યારે ભવિષ્ય તરફ નજર કરતાં આપણે ઈતિહાસને જાળવવાની અનિવાર્યતા પણ યાદ રાખીએ તો રુડું રહેશે. આપણા દેશ માટે આધ્યાત્મનું હૃદય ગણાતા બનારસની મહત્તા, તેની પવિત્રતા, તેની પ્રકૃતિ વિશે જેટલી વાત કરીએ એટલી ઓછી પડે એ ચોક્કસ. કવિઓ, લેખકો, ફિલ્મ મેકર્સ, ચિત્રકારોથી માંડીને વિવિધ મૂળના સ્કોલર્સને બનારસમાં પોતાના વિચારોના રસ્તા જડ્યા છે.

18મી સદીમાં બનારસ ભારતનું સૌથી મોટું શહેર ગણાતું. ભગવાન શિવના આ સરનામે ધર્મના ઘણા સ્વરૂપોને પોતાના પોતમાં વણી લીધા છે. અહીં બંધાયેલા ઘાટ જોતા જાવ અને તેની સ્થાપત્ય શૈલી, તેની સાથે જોડાયેલી વાર્તાઓ તમારે માટે એ વાતનો પુરાવો બને કે આ શહેરે દરેકને આવકાર્યા છે, તે દરેકને પોતીકું જ લાગ્યું છે. આજે જ્યાં રોજના - હા, રોજના અંદાજે ત્રણ લાખ મુસાફરો અને ભક્તો આવે છે એવું આ બનારસ એ લોકોનું સરનામું પણ બન્યું છે જેઓ પોતાના મૂળ સરનામાં કાં તો ખોઈ બેઠા છે અથવા ત્યાં ફરી જવા નથી માગતા. ભક્તો, પ્રેમીઓ, અભ્યાસુઓ, ઉત્સુકો - દરેકના જીવને બનારસમાં જવાબ મળે છે. જેનું કોઈ નથી, જેને ક્યાંય પોતાનું કહી શકાય એવું ઘર નથી અથવા તો જેને બસ બધા તાંતણા તોડી દઈને એક નવા નશામાં ઘોળાઈ જવું છે તેને માટે બનારસ છે એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. 3000 વર્ષનો ઈતિહાસ લઈને શ્વસનારું આ શહેર મોક્ષ પ્રાપ્તિ માટેની પહેલી પસંદ છે. સપ્ત પુરીમાં સૌથી પવિત્ર ગણાતા બનારસને 18મી સદીમાં બર્લિન અને મુંબઈ કરતાં વધુ વસ્તી ધરાવતું, અગત્યનું કેન્દ્ર ગણવામાં આવતું. તુલસીદાસ, કબીર, મધુસુદન સરસ્વતી, મુન્શી પ્રેમચંદ જેવા બૌદ્ધિકોએ બનારસ પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો. કહેવાય છે કે સ્વામી વિવેકાનંદના માતા-પિતાએ સંતાન મેળવવા અહીંના મંદિરમાં દર્શન કર્યા અને બાદમાં દીકરાનું મુંડન પણ અહીં જ કરાવ્યુ હતું.

**બનારસ એટલે જેના દરેક પાને એક નવી વાર્તા છે એવું શહેર, અહીં વસનારો - આવનારો દરેક માણસ તેના સંવાદોમાં કાં તો કંઇ આપે છે અથવા તો તમારામાં કંઇ બદલી નાખે છે**

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

શિવની નગરી બનારસ એક સમયે વિષ્ણુનું ધામ હતું. અહીં નજીકમાં સારનાથમાં બુદ્ધ પણ આવ્યા હતા તો ગુપ્ત કાળ દરમિયાનની કૃષ્ણની મુર્તિ પણ અહીં ઉત્ખનનમાં મળી આવી છે. બનારસ ક્યારેક એક ઈશ્વર કેન્દ્રી શહેર નથી રહ્યું પરંતુ સમયાંતરે તેને શિવની નગરીની ઓળખ મળી. આજે પણ શહેરની પ્રકૃતિમાં હિંદુ ધર્મ સ્થાનક હોવાનું પ્રમુખ હોવા છતાં ય અહીં અન્ય ધર્મ અને માન્યતાઓ પરસ્પર જોડાયેલા ઘાટની માફક એક સાથે જીવે છે. અહીં દક્ષિણ ઢબના ઘાટ છે, મંદિરો છે તો નેપાલી મંદિર પણ છે અને બંગાળનો પણ ઘેરો પ્રભાવ જોવા મળે છે. બનારસ વિશે કહેવા બેસીએ તો પુસ્તકો લખાય, લખાયા જ છે પણ તેના ઈતિહાસને બદલવા મંડી પડેલા રાજકારણીઓ મર્યાદા સાચવે તો સારું એમ કહેવું પડે એવો વખત આવ્યો છે.

અહીં રહેનારાઓ જે ઈતિહાસને જાણે છે તેમના મતે છેલ્લા દસ વર્ષમાં બનારસ બહુ બદલાયું છે. કાશી વિશ્વનાથ કોરિડોર પ્રોજેક્ટ હેઠળ અહીં ત્રણ જુના ઘાટને તોડીને જે 'એન્ટ્રી ડોર' બનાવાયું છે તે બાકીના પ્રાચીન ઘાટથી સાવ અલગ પડે છે, તેને વિશ્વનાથ ધામ નામ અપાયું છે (મજાની વાત છે એ વિશ્વનાથાનું સ્થાન તો હતું જ). બનારસના ઘાટ સેન્ડ-સ્ટોનમાંથી બનેલા છે જે પાણીને પી લે તેવા પથ્થર છે પણ કાશી વિશ્વનાથ કોરિડોર પ્રોજેક્ટમાં વપરાયેલા પથ્થર સાવ જુદા છે. આ નવા બાંધકામને કારણે ગંગાનું વહેણ એટલા હિસ્સામાં બંધાઈ ગયું છે જેને કારણે ત્યાં ગંદકી પણ થાય છે. જેમણે જૂનું બનારસ જોયું છે તેવા સ્થાનિકોને બનારસમાં આવેલા બદલાવ બહુ કોઠે નથી પડતા. વળી રાજકારણ ઘુસે એટલે ધર્મનો ખેલ પણ શરૂ થાય જ. જ્ઞાનવાપી મસ્જિદનો વિવાદ આપણે જાણીએ છીએ. જાણીતી ગુજરાતી કહેવત મિંયા અને મહાદેવ સાથે જ હોય એ મુજબ આ મસ્જિદની અને કાશી વિશ્વનાથ મંદિરની એક દિવાલ કોમન છે.

**અનુસંધાન પાના નં. 3 પર...**

## બાય ધી વે

**બનારસને શબ્દોમાં બાંધવું કમંડળમાં આખી ગંગા સમાવવા જેટલું અઘરું કામ છે. માટે આજે બાય ધી વેમાં બીજું કંઇ નહીં પણ કેદારનાથ સિંહની કવિતા 'બનારસ'નું રસપાન:**

इस शहर मे वसंत
अचानक आता है
और जब आता है तो मैंने देखा है
लहरतारा या मडुवाडीह की तरफ़ से
उठता है धूल का एक बवंडर
और इस महान पुराने शहर की जीभ
किरकिराने लगती है
जो है वह सुगबुगाता है
जो नहीं है वह फेंकने लगता है पचखियाँ
आदमी दशाश्वमेध पर जाता है
और पाता है घाट का आख़िरी पत्थर
कुछ और मुलायम हो गया है
सीढ़ियों पर बैठे बंदरों की आँखों में
एक अजीब-सी नमी है
और एक अजीब-सी चमक से भर उठा है
भिखारियों के कटोरों का निचाट ख़ालीपन
तुमने कभी देखा है
ख़ाली कटोरों में वसंत का उतरना!
यह शहर इसी तरह खुलता है
इसी तरह भरता
और ख़ाली होता है यह शहर
इसी तरह रोज़-रोज़ एक अनंत शव
ले जाते हैं कंधे
अँधेरी गली से
चमकती हुई गंगा की तरफ़
इस शहर में धूल
धीरे-धीरे उड़ती है
धीरे-धीरे चलते हैं लोग
धीरे-धीरे बजाते हैं घंटे
शाम धीरे-धीरे होती है
यह धीरे-धीरे होना
धीरे-धीरे होने की एक सामूहिक लय
दृढ़ता से बाँधे है समूचे शहर को
इस तरह कि कुछ भी गिरता नहीं है
कि हिलता नहीं है कुछ भी
कि जो चीज़ जहाँ थी
वहीं पर रखी है
कि गंगा वहीं है
कि वहीं पर बँधी है नाव
कि वहीं पर रखी है तुलसीदास की खड़ाऊँ
सैकड़ों बरस से
कभी सई-साँझ
बिना किसी सूचना के
घुस जाओ इस शहर में
कभी आरती के आलोक में
इसे अचानक देखो
अद्भुत है इसकी बनावट
यह आधा जल में है
आधा मंत्र में आधा फूल में है
आधा शव में आधा नींद में है
आधा शंख में अगर ध्यान से देखो
तो यह आधा है और आधा नहीं है
जो है वह खड़ा है बिना किसी स्तंभ के
जो नहीं है उसे थामे हैं राख और रोशनी के ऊँचे-ऊँचे स्तंभ
आग के स्तंभ और पानी के स्तंभ
धुएँ के
ख़ुशबू के
आदमी के उठे हुए हाथों के स्तंभ
किसी अलक्षित सूर्य को
देता हुआ अर्घ्य
शताब्दियों से इसी तरह
गंगा के जल में
अपनी एक टाँग पर खड़ा है यह शहर
अपनी दूसरी टाँग से
बिल्कुल बेख़बर!

# શું 21મી સદી હતાશાનો યુગ ?

21

21મી સદીની પહેલી પચીસી પૂરી થવા આવી છે, પણ હજુ સુધી 21મી સદીની કોઈ ઓળખ બની નથી, તેનું કોઈ પોત જોવા મળતું નથી, એવું સુંદર નિરીક્ષણ ઇઝરાયેલના વિદ્વાન ચિંતક યુવાલ હેરારીએ લલ્લનટોપના સૌરભ દ્વિવેદીને આપેલી મુલાકાતમાં વાતવાતમાં કર્યું હતું. તેમણે તે વિષે કોઈ લંબાણપૂર્વક વાત નહોતી કરી, પરંતુ હું મારી વાત કહું છું.

19મી સદીની પહેલી પચીસીમાં જ જગત કઈ દિશામાં જઈ રહ્યું છે અને તે રાજકીય અને સાંસ્કૃતિક રીતે કેવો આકાર ધારણ કરશે એના સંકેત મળી ગયા હતા. ત્રણ ચીજ મુખ્ય હતી. ઔદ્યોગીકરણ, સાંસ્થાનીકરણ અને પશ્ચિમનું સાંસ્કૃતિક વર્ચસ્વ. પશ્ચિમ પૂર્વ અને દક્ષીણ વિશ્વ પર રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક એમ ત્રણેય રીતે કબજો જમાવશે. ઈ. સ. 1900ની સાલ સુધીમાં લગભગ આખા જગત પર પશ્ચિમે કબજો કરી લીધો હતો. આજે આટલાં વરસ પછી પણ વિશ્વદેશો માત્ર રાજકીય રીતે પશ્ચિમથી સ્વતંત્ર થયા છે, આર્થિક અને સાંસ્કૃતિક રીતે હજુ પણ મુક્ત નથી થઈ શક્યા. મુક્ત થવું હોય તો વિકલ્પ જડતો નથી. પશ્ચિમના આર્થિક ઢાંચા સામે વૈકલ્પિક ઢાંચો નથી અને પશ્ચિમના સાંસ્કૃતિક વર્ચસ્વ કે પછી સાંસ્કૃતિક સામ્રાજ્યવાદ સામે આપણો પોતાનો ઘરઆંગણેનો વિકલ્પ જડતો નથી. બીજા વિશ્વયુદ્ધ પછી મુક્ત થયેલા દેશો આપઓળખની મથામણ કરી રહ્યા છે અને જ્યારે પણ પોતીકી સાંસ્કૃતિક ઓળખ સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે તો એ પ્રયત્ન પુનર્જાગરણ (રેનેસાં) માં પરિણમવાની જગ્યાએ જૂનાની આગ્રહપૂર્વકની પુન:સ્થાપના (રિવાઇવલિઝમ) માં સરકી પડે છે જેનો સ્થાનિક પ્રજા જ વિરોધ કરે છે. સામ્રાજ્યવાદના વિકલ્પ તરીકે સમાજવાદ અને રાષ્ટ્રવાદની વિચારધારા વિકસી એ પણ 19મી સદીના પશ્ચિમમાં જેનો બાકીનું જગત સમાનતા, ન્યાય અને આપઓળખ સિદ્ધ કરવા માટે આશ્રય લઈ રહ્યું છે. 18મી સદીના અંત ભાગમાં ફ્રાંસમાં ક્રાંતિ થઈ હતી અને એ ક્રાંતિએ આપેલાં મૂલ્યોએ પણ 19મી સદીને પ્રભાવિત કરી હતી.



20મી સદીની પહેલી પચીસી પણ એક પોત લઈને આવી હતી. સદીની શરૂઆત જ 1904-1905માં રશિયા અને જાપાન વચ્ચે યુદ્ધ સાથે થઈ હતી જેમાં વિશાળકાય રશિયા સામે જાપાનનો વિજય થયો હતો. એ વિજયને એશિયાના યુરોપ પરના અથવા પૂર્વના પશ્ચિમ પરના અથવા અશ્વેતના શ્વેત પટના વિજય તરીકે ઓળખાવવામાં આવ્યો હતો. ઉપર કહ્યા એવા પશ્ચિમના દેશો સામે કેટલો તીવ્ર રોષ હશે એ આમાં જોઈ શકાય છે. વીસમી સદીની પહેલી પચીસીમાં વિશ્વયુદ્ધ થયું હતું અને એ થવાનું જ હતું, કારણ કે પશ્ચિમના દેશો વચ્ચે લૂટ અને શોષણની હોડ શરુ થઈ હતી. 1917માં રશિયામાં સામ્યવાદી ક્રાંતિ થઈ અને જગતને પહેલીવાર સામ્યવાદી શાસનનો અનુભવ થયો. 20મી સદીની પહેલી પચીસીમાં ઇસ્લામના ખલીફાનાં શાસનનો અંત આવ્યો અને જગતભરના મુસલમાનોને મુસ્લિમ ઇતિહાસમાં પહેલીવાર સેક્યુલર દેશના સેક્યુલર નાગરિક તરીકે જીવવાનો વિકલ્પ મળ્યો. 1909માં મહાત્મા ગાંધીએ 'હિન્દ સ્વરાજ' લખીને જગતને ભૂખાળવી આધુનિક સભ્યતા સામે પ્રતિવાદ કરતી થીસીસ આપી અને સામાન્યમાં સામાન્ય માણસને સત્યાગ્રહ નામનું ઓજાર આપ્યું. તોપનું બળ પણ મૃત્યુનો ભય ફગાવી દઈને સત્યનો આગ્રહ કરનારા લડવૈયા સામે નિરસ્ત નીવડે એ ગાંધીજીએ બતાવી આપ્યું. આજે જગત આખામાં સામાન્ય માણસો સત્યાગ્રહો કરીને શાસકોને ઝૂકાવે છે. સત્યાગ્રહ દ્વારા કેટલાક દેશોએ સ્વાતંત્ર્ય અને કેટલાક સમાજે અન્યાયથી મુક્તિ મેળવી છે.

**19મી અને 20મી સદીથી ઉલટું 21મી સદીની કોઈ ભાત જોવા મળતી નથી. 21મી સદીનાં 25 વર્ષો ટેક્નોલોજી દ્વારા સંચાલિત લાગે છે. એમાં હવે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સનું આગમન થયું છે. ટેક્નોલોજી દ્વારા માણસને રડાવી શકાય. માણસને ઉશ્કેરી શકાય. ભાઈને ભાઈ સામે લડાવી શકાય, માણસને નિરાશાની ગર્તામાં ધકેલી શકાય, માણસને બેવકૂફ બનાવી શકાય, તેને ધર્મ, રાષ્ટ્રવાદ વગેરેના નશામાં ચૂર રાખી શકાય**

નો નોનસેન્સ
રમેશ ઓઝા

19મી અને 20મી સદીથી ઉલટું 21મી સદીની કોઈ ભાત જોવા મળતી નથી. 21મી સદીનાં 25 વર્ષો ટેક્નોલોજી દ્વારા સંચાલિત લાગે છે. એમાં હવે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સનું આગમન થયું છે. ટેક્નોલોજી દ્વારા માણસને રડાવી શકાય. માણસને ઉશ્કેરી શકાય. ભાઈને ભાઈ સામે લડાવી શકાય, માણસને નિરાશાની ગર્તામાં ધકેલી શકાય, માણસને બેવકૂફ બનાવી શકાય, તેને ધર્મ, રાષ્ટ્રવાદ વગેરેના નશામાં ચૂર રાખી શકાય. ચોક્કસ સમાજને બદનામ કરી શકાય, કોઈનું ચારિત્ર્યહનન કરી શકાય. બધું જ ટેક્નોલોજી દ્વારા અજાણ્યા ચહેરાઓ, અજાણ્યા રહીને અજાણી જગ્યાએથી આ બધું કરે છે. પ્રજા પરસ્પર જીભાજોડીમાં રત છે અને સ્થાપિત હિતો તેનો લાભ લે છે. 19મી અને 20મી સદીમાં નવા વિશ્વનો વિચાર કરવામાં આવતો હતો તો 21મી સદીમાં વીતેલા સમયના હિસાબ કરવામાં આવી રહ્યા છે. પ્રજાને અખાડામાં ધકેલી દેવામાં આવી છે. આ રીતે જોઈએ તો આ હતાશાનો યુગ છે. આ ઉપરાંત આરોગ્ય અને પર્યાવરણનાં પણ સંકટો છે.

## સિલી પોઇંટ

